SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ०७/૧૨/૨૦૨૩

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રીલીફ ફંડ દ્વારા ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારો માટે આપત્તિ વ્યવસ્થાપન હેઠળ ૧૦૦થી વધુ પરિવારોને ૫૦૦ રૂફ પેનલનું વિતરણ કરવામાં આવ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રીલીફ ફંડ દ્વારા ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારો માટે આપત્તિ વ્યવસ્થાપન હેઠળ ૧૦૦થી વધુ પરિવારોને ૫૦૦ રૂફ પેનલનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી કલબ ઓફ ભરૂચ દ્વારા રોટરી કલબ ઓફ સુરત અને રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટના સહયોગથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી રિલીફ ફંડ દ્વારા સમર્થિત આ લાભદાયી પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, એક વાકય જે અમને બધાને સ્પર્શી ગયું હતું તે હતું કે ‘બીવી બચ્ચો કો ઘર મે સુલાને કે લિયે છત મિલ જાયે – મેરા ઘર ઠીક કર દેના.’ ગત ઓકટોબર મહિનામાં જરૂરિયાતના મૂલ્યાંકન દરમિયાન ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારોની માહિતી મેળવી તેઓને મદદરૂપ થવાનો વિચાર અમલમાં મૂકવામાં આવ્યો હતો.

આથી ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારો માટે આપત્તિ વ્યવસ્થાપન હેઠળ ૧૦૦થી વધુ પરિવારોને ૫૦૦ રૂફ પેનલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી અને ડેપ્યુટી સેક્રેટરી ધનેન્દ્ર પાટીલના માર્ગદર્શન હેઠળ રૂફ પેનલ વિતરણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.